દશેરાના દિવસે જ ઘોડુ દોડયુ... નગરજનોમાં આનંદો !

જામનગરમાં તબક્કાવાર દૈનિક જળ વિતરણનો પ્રારંભ: માર્ચ સુધીમાં સંપૂર્ણ અમલ

જામનગર વા. ૨: જામનગરમાં આજે ૩ વિજયાદશમી ૧ થી દૈનિક પાણી વિતરણનો ક્રમશઃ પ્રારંભ કરાયો છે, અને આગામી માર્ચ મહિના સુધીમાં સમગ્ર નગરને આવરી લેવાશે. તેમ મેયર જણાવ્યું છે.

મેયરે પત્રકાર પરિષદમાં કરી જાહેરાત

જામનગર શહેરમાં દાયકા ઓથી એકાતરા પાણી વિતરણ કરવામાં આવે છે. ત્યારે આજ ગુરૂવાર અને વિજયાદશમીથી શહેરમાં દૈનિક પાણી વિતરણ કરવા માટે ક્રમશઃ પ્રારંભ કરવામાં આવ્યો છે. ચાલુ માસના અંત સુધીમાં પોણા ભાગના શહેરને દૈનિક પાણી વિતરણ માટે આવરી લેવામાં આવશે. તેમ મેયર વિનોદ ખીમસૂર્યા એ પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું.

જામનગરમાં વર્તમાન સમયમાં વર્ષોથી એકાતરા પાણી વિતરણ કરવામાં આવે છે. જે માટે આશરે ૧૪૫ થી ૧૫૦ એમએલડી પાણીના જથ્થાની જરૂરિયાત રહે છે. હવે બીજી ઓક્ટોબર - ગાંધી જયંતી અને વિજયાદશમીના દિવસથી દૈનિક પાણી વિતરણ કરવા માટેનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રથમ રણજીત નગર અને સોલેરીયમ ઝોનમાં દૈનિક ૨૫ મિનિટ પાણી વિતરણ કરવામાં આવશે. અને ચાલુ માસના અંત સુધીમાં બેડી, નવાગામ, પવનચક્કી, મહાપ્રભુજી બેઠક, શંકર ટેકરી, ગુલાબનગર અને જામનું ડેરુ/પાબારી ઝોનમાં દૈનિક ધોરણે પાણી વિતરણ શરૂ કરવામાં આવશે. એટલે કે મસાંતે પોણા જામનગર શહેરમાં દૈનિક ધોરણે પાણી વિતરણ શરૂ થઈ જશે.

જ્યારે જ્ઞાનગંગા, ગોકુલ નગર, સમર્પણ અને રવિપાર્ક ઝોનમાં પાઈપલાઈનનું કામ ચાલુ હોય જે કામ પૂર્ણ થયા પછી આ ઝોનમાં પણ દૈનિક પાણી વિતરણ શરૂ થઈ જશે.

જ્યારે આ ઉપરાંત નાથેડીમાં પાણીના સંપનું કામ ચાલુ હોય જે આગામી માર્ચ સુધીમાં પૂર્ણ થશે. ત્યારબાદ સંપૂર્ણ જામનગર શહેરમાં દૈનિક ધોરણે પાણી વિતરણ હશે.

આ પત્રકાર પરિષદમાં મેયર વિનોદ ખીમસુરીયા દ્વારા દૈનિક પાણી વિતરણની જાહેરાત સમયે ડેપ્યુટી મેયર કિંજલબેન સોઢા, શાસક પક્ષના નેતા આશિષ જોષી તેમજ વોટર વર્કસ શાખાના કાર્યપાલક ઈજનેર નરેશ પટેલ અને ઈજનેર ચારણીયા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

લેધિસ્ટ કંકોત્રી નો... ખજાનો
વિરલ કાર્ડસ
બેડી ગેઇટ - જામનગર

મૂળ ગુન્હામાં ધરપકડના બદલે પહેલા લેવાયું અટકાયતી પગલું:

પોલીસે તટસ્થ તપાસ વગર જ વકીલની કરેલી અટકાયત સામે હાઈકોર્ટમાં જવા વકીલમંડળ તૈયાર

જામનગર તા. ૨: જામનગરના પટેલ કોલોની વિસ્તારમાં એક મહિલાના મકાનમાં ઘુસી જઈ બે શખ્સે તોડફોડ કરી મકાન ખાલી કરી નાખવાની ધમકી આપી હતી. તેની ફરિયાદ આ મહિલાએ પોલીસમાં ફરિયાદ કરી હતી અને આ શખ્સે એક વકીલ સાથે અન્યના ફોનમાંથી વાત કરાવી હોવાનું લખાવ્યું હતું. પોલીસે એક કહેવાતું રેકોર્ડિંગ કબ્જે કર્યું હતું તે પછી આ વકીલની મોડી રાત્રે તેમના ઘરેથી અટકાયત કરી લોકઅપમાં બેસાડી દેવાતા મામલો ઉગ્ર બન્યો છે. તટસ્થ તપાસ વગર પોલીસે વકીલની ધરપકડ કર્યાનો આરોપ મુકી વકીલમંડળ કાળજાળ બન્યું છે.

જામનગરના પટેલ કોલોની વિસ્તારમાં આવેલા એક મહિલાના મકાનમાં ઘુસી જઈ થોડા દિવસો પહેલા કુખ્યાત દિવ્યરાજ મંગળસિંહ ચૌહાણ ઉર્ફે દિવલા ડોન તથા બલભદ્રસિંહ પાયુભા જાડેજા ઉર્ફે ડુંગા નામના શખ્સોએ તોડફોડ મચાવી પતાવી દેવાની ધમકી આપી મકાન ખાલી કરી નાખવા ધમકાવ્યા હતા તેવી ફરિયાદ સિટી બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં કરવામાં આવી હતી.

આ કેસમાં ફરિયાદી મહિલાએ જણાવ્યા મુજબ દિવલા ડોનએ કોઈના મોબાઈલમાંથી એન.એન. નામના વકીલ સાથે વાત કરાવી હતી તેથી પોલીસે જામનગરના વકીલ નિર્મળસિંહ એન. જાડેજાની રાત્રીના સમયે તેમના ઘરેથી અટકાયત કર્યા પછી લોકઅપમાં મુક્યા હતા. આ મુદ્દે વકીલો તથા પોલીતંત્ર આમને-સામને આવી ગયા હોય તેવું ચિત્ર સર્જાયું છે.

આ વકીલનું નામ જે તે વખતે જાહેર થયા પછી જામનગર વકીલમંડળના પ્રમુખ ભરતભાઈ સુવા તેમજ અન્ય હોદ્દેદારો તત્કાલીન એસ.પી.ને મળવા માટે ગયા હતા અને આ ફરિયાદની તટસ્થ તપાસ યોજવા અને જો તેમાં વકીલની સંડોવણી ખૂલે તો તેની સામે પણ કાયદાકીય કાર્યવાહી કરવા જણાવ્યું હતું. તે પછી સિટી બી ડિવિઝન પોલીસે રાત્રે બે વાગ્યે વકીલ નિર્મળસિંહ જાડેજાની તેમના ઘરેથી અટકાયત કરી હતી તેથી આ મુદ્દો ગરમાયો છે.

ગઈકાલે ઉપરોક્ત પ્રશ્નો અંગે ન્યાયાલયના વકીલખંડમાં જામનગર વકીલમંડળની મળેલી બેઠકમાં વકીલોએ એક સૂરે પોલીસના પગલાને વખોડી કાઢ્યું હતું. જેમાં જણાવવામાં આવ્યા મુજબ એક વકીલને આરોપી બનાવાયા તેની સામે વકીલોને કોઈ વિરોધ નથી પરંતુ તટસ્થ તપાસ વગર એક વકીલ સામે હાર્ડકોર ગુન્હેગાર જેવું વર્તન કરાયું, તેને વખોડી કાઢવામાં આવ્યું હતું.

તે ઉપરાંત વકીલ નિર્મળસિંહની રાત્રે બે વાગ્યે અટકાયત કરવામાં આવ્યા પછી

અનુસંધાન પૃષ્ઠ (૪) પર

૩૭ માં વર્ષમાં મંગલ પ્રવેશ...
અનોખું નામ... અનોખો વિશ્વાસ...!
રંગોલી
ગૌરવભર્યા ૩૬ વર્ષ પૂરા કરી
૩૭માં વર્ષમાં મંગલ પ્રવેશ કરે છે
ત્યારે આ શુભ અવસરે સૌ ગ્રાહકો, મિત્રો, સ્વજનોના
લાગણી ભર્યા સહકાર બદલ આભાર...
આગામી વર્ષોમાં પણ આપનો અમુલ્ય સાથ
સહકાર મળી રહેશે તેવી અપેક્ષા...
RANGOLI DRESSES
રંગોલી ગ્રુપનું નવું સાહસ
RANGOLI CORPORATE
102/103, BADRI COMPLEX, NEAR TIN BATTI, JAMNAGAR-361 001. (Gujarat)
M. +91 99789 77500 • E-mail : rangolijamguj@gmail.com
SUNDAY OPEN

સગીરાને વળતર પેટે રૂા. ૪ લાખ ચૂકવાશે:

લગ્નની લાલચ આપી સગીરા પર દુષ્કર્મ આચરનાર શખ્સને વીસ વર્ષની સખત કેદ

જામનગર તા. ૨: કાલાવડ તાલુકાના એક ગ્રામ્ય પંથકમાં વસવાટ કરતા પરિવારની પોણા સોળ વર્ષની સગીર પુત્રીને લગ્ન કરવાની લાલચ બતાવી પાંચ વર્ષ પહેલા એક શખ્સ નસાડી ગયો હતો અને આ શખ્સે તેણી પર સંખ્યાબંધ વખત દુષ્કર્મ ગુજાર્યું હતું. ઉપરોકત કેસ ચાલી જતાં અદાલતે આરોપીને પોકસો એકટની કલમ હેઠળ વીસ વર્ષની સખત કેદ અને કુલ રૂા. ૧૫હજારનો દંડ ફટકાર્યો છે. રાજારાની કમ્પેઈનશેસનમાંથી રૂા. ચાર લાખ ચુકવવામાં આવશે.

કાલાવડના ગ્રામ્ય પંથકમાં મજુરી કામ માટે આવીને રહેતા એક પરિવારની પોણા સોળ વર્ષની પુત્રી એક સ્થળે મજુરી કામમાટે જતી હતી ત્યાં મજુરી માટે આવતો કાલાવડના સોરઠ ગામનો પરેશ પ્રભાત ડાંગી તેના પરિચયમાં આવ્યો હતો. આ શખ્સે હું તને પ્રેમ કરૂ છું, તારી સાથે લગ્ન કરવા છે તેમ કહી વર્ષ ૨૦૨૦માં આ શખ્સે તે તરૂણીને ત્રણ થી ચાર મહિનામાં આઠેક વખત દુષ્કર્મનો ભોગ બનાવી હતી.

ત્યારપછી ગઈ તા. ૨૪-૧૧-૨૦ ના દિને પરેશે આ તરૂણીને પોતાની સાથે ભાગી જવાનું કહેતા તેની વાતોમાં આવી ગયેલી તરૂણી પરેશ સાથે નીકળી ગઈ હતી. છ દિવસ સુધી તેણીને મછલીવડ, મોટા વડાળા, મહાદેવપુર, તાલોદ ગામમાં લઈ જઈ પરેશે શરીર સંબંધ બાંધ્યો હતો. પોલીસમાં તેની થયેલી ફરિયાદના આધારે આરંભાયેલી તપાસમાં આરોપી તથા સગીરા મળી આવ્યા હતા. પોલીસે આઈપીસી ૩૬૩, ૫૦૬(૨), તેમજ પોક્સો એક્ટની કલમ ૪,૫,૬ હેઠળ આરોપીની ધરપકડ કરી હતી.

ઉપરોકત કેસ જામનગરની ખાસ પોકસો અદાલતમાં ચાલી જતાં અદાલતે આરોપીને તકસીરવાન ઠરાવી પોકસો એકટની કલમ ૪ હેઠળ દસ વર્ષની સખત કેદ તથા રૂા. દસ હજારનો દંડ, પોકસો એકટની કલમ ૬ ના ગુન્હામાં વીસ વર્ષની સખત કેદ તથા રૂા. પાંચહજારનો દંડ ભરવા આદેશ કર્યો છે. ભોગ બનનાર સગીરાને રૂા. ચાર લાખ વળતર પેટે ચૂકવવામાં આવશે. સરકાર તરફથી પી.પી.ભારતીબેન વાદી રોકાયા હતા.

FESTIVE COLLECTION
AURA EXHIBITION
Aaram Hotel 3/4 OCTOBER 2025
10 AM TO 9 PM
VISIT US
MOONE STON
By Dimple Patel
Crystals Gallery & Healing Centre Access Consciousness bars facilitator. Trance Healing Tarot card Reader.
Mo.: 98986 84680
ROYAL ART
By Kajal Malde
Handerafted Resin Art -Creative Home Decor Festive Gifts
Mo.: 94288 61618
SHREE SAREE COLLECTION
Contact No. 99094 33350 / 99740 57771
Designer Bedsheets / towels,
Wedding Sets / Cushion Covers
Home Decor & Festive Gifts
A Blend Of All the Products awaits Your Presence
VISIT US

જોઈએ છે
3 - ફિ-મેઇલ
ક્વોલીફિકેશન
મિનીમમ ઘો.૧૨ પાસ
૧ - એકાઉન્ટન્ટ
(મેઇલ/ફિ-મેઇલ)
FRESH KART
DAILY GROCERY STORE
:: એડ્રેસ ::
એરફોર્સ-૨ મેઈન રોડ,
અન્ડર બ્રિજ પાસે જામનગર
:: કોન્ટેક્ટ ::
+91 98981 53472

ૐ
૨૨માં વર્ષમાં
મંગલ પ્રવેશ
આ ૨૧ વર્ષ દરમ્યાન ગ્રાહક મિત્રો, શુભેચ્છકો...
આપે જે સહકાર આપેલ છે તે બદલ આભાર...
ભવિષ્યમાં તેવા જ સાથ સહકારની અપેક્ષા...
Amar Since 1970
ઓરીજનલ
અમર લોકસ,
જેનસન લોક તથા લીંક ના લોક મેળવવાનું સ્થળ
અમર એન્ટરપ્રાઈઝ
શોપ નં. ૮, સિદ્ધનાથ કોમ્પ્લેક્ષ, કે.વી.રોડ, જામનગર
ફોન : ૦૨૮૮ - ૨૬૬૨૦૮૨

દુઃખદ અવસાન / ઉઠમણું

સ્વ. જ્યોતિન્દ્ર રામભાઈ પાઠ
સ્વ. તારીખ ૦૧-૧૦-૨૦૨૫ (ઉ.વ. ૮૦)
આપનું અસ્તિત્વ અમારી પ્રેરણા હતી, આપનો સરળ સ્વભાવ, સ્નેહાળ હૃદય અને કર્તવ્ય નિષ્ઠા સદાય અમારા પથદર્શક બની રહેશે
જામનગર નિવાસી જ્યોતિન્દ્ર રામભાઈ પાઠ (ઉ.વ. ૮૦) તેઓ ગીતાબેન પાઠના પતિ, રશ્મિકાંત પાઠના વડીલબંધુ, ડોક્ટર હિમાંશુ પાઠ અને મૌલિક પાઠના કાકા તથા જયરાજભાઈ પુરોહિતના બનેવી તારીખ: ૦૧-૧૦-૨૦૨૫ના શ્રીજી ચરણ પામ્યા છે
સદ્ગતનું ઉઠમણું
તારીખ: ૦૩-૧૦-૨૦૨૫ શુક્રવાર સાંજે ૫:૩૦ થી ૬:૦૦ વાગ્યે ઓશવાળ સેન્ટર બેંકવેટ હોલ, જામનગરમાં રાખેલ છે
પાટ પરિવારના જય દ્વારકાધીશ

ગ્રાઉન્ડ ફલોર ✓ તમારે દિવાળીની
ભાડાની આવક ✓ ગીફ્ટમાં ચાલુ
નેશનલાઈઝ બેન્ક ✓ ભાડાની મિલ્કત
૫% + ✓ જોઈએ છે !!!
M. 94266 77771



Editor, Printer & Publisher: Pradip Madhvani ◆ Owner: Madhvani Prakashan (Nobat) ◆ Printing & Publishing by him at: Nobat Press, Nobat Bhavan, Pancheshwar Tower Road, Jamnagar-361001 ◆ Phone: 2670924/2555924 ◆ Fax: 2553752